| | | | |
|---|---|---|---|
| Published Date: | 2 Aug 2017 | Publication: | Divya Bhaskar (Gujarati) |
| Edition: | Ahmedabad | Page No: | 1 |

# આઈટી ક્વિઝમાં શહેરની સંતકબીર સ્કૂલ રનર્સઅપ રહી

## ગુજરાતભરની સ્કૂલમાંથી 500 ટીમે ભાગ લીધો

**It quiz**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ટીસીએસ દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય હોલ ખાતે 'ટીસીએસ આઈટી ક્વિઝ'2017નું આયોજન કરાયું હતું. વેસ્ટઝોન વચ્ચે યોજાયેલી આ કોમ્પિટિશનમાં ગુજરાતની વિવિધ સ્કૂલમાંથી 500 ટીમે ભાગ લીધો હતો. જેઓની પ્રિલિમરી એક્ઝામ બાદ છ ટીમને ફાઈનલ રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. ફાઈનલ રાઉન્ડમાં વડોદરાની નવરચના સામા સ્કૂલ વિજેતા બની હતી. જ્યારે શહેરની સંતકબીર સ્કૂલ રનર્સઅપ રહી હતી.

### સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ 45 મિનિટમાં 5233 ટ્વિટ કરી

આ ક્વિઝ કોમ્પિટિશનની સાથે અનોખી ટ્વિટ કોમ્પિટિશનનું પણ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓને મેક્સિમમ ટ્વિટ કરવાનો અને બેસ્ટ ટ્વિટ કરવાનો ટાસ્ક આપવામાં આવ્યો હતો. 45 મિનિટ સુધી ચાલેલી ટ્વિટ કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓએ 5233 ટ્વિટ કરી હતી.

વિજેતા ટીમ હવે નેશનલ લેવલની દરેક ઝોનમાંથી વિજેતા બનનારી ટીમોની મુંબઈ ખાતે યોજાનાર ફાઈનલ આઈટી ક્વિઝ કોમ્પિટિશનમાં ભાગ લેશે.